# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- નાણાકીય વર્ષ 2024માં ગુજરાતે 7.3 બિલિયન ડોલર સીધું વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું..
- કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસનો રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.
- અમદાવાદમાં જમાલપુર ખાતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે આજે નેત્રોત્સવ વિધી કરવામાં આવી..
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજનાના લાભાર્થીઓએ બેંક ખાતાનું આધાર સીડીંગ– ડીબીટી એનેબલ એટલે કે સક્ષમ કરાવવું ફરજીયાત રહેશે.
- હવામાન ખાતાએ આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી- સૌથી વધુ 109 મિલિમિટર વરસાદ આજે સુરતના ઉમરપાડામાં નોંધાયો..

-----------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. FDI

નાણાકીય વર્ષ 2024માં ગુજરાતે 7.3 બિલિયન ડોલર સીધા વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું..

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા નવા ડેટા બહાર પાડવામાં આવ્યા છે.. ગુજરાતે ગત નાણાકીય વર્ષમાં પ્રાપ્ત થયેલા 4.7 બિલિયન ડોલર **સીધુ વિદેશી રોકાણ**ની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષ 2024માં 55 ટકાના વધારા સાથે 2.6 બિલિયન ડોલર વધુ **સીધુ વિદેશી રોકાણ** પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતે સતત ત્રણ નાણાકીય વર્ષ 2022,2023,2024 માં અનુક્રમે 2.7, 4.7 અને 7.3 બિલિયન ડોલરનું સીધું વિદેશી રોકાણ મેળવીને ઉત્તરોતર વૃદ્ધિ નોંધાવી છે.

આ અંગે રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગના મંત્રી બળવંતસિંહ રાજપૂતે હતું કે, વર્તમાન  કેન્દ્ર અને રાજ્ય સરકારની મહત્વની ભૂમિકા, તેમજ રાજ્યમાં રોકાણ અને વ્યવસાય માટે અત્યાધુનિક ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ અને ઉદ્યોગોને અનુકૂળ નીતિઓની ઉપલબ્ધતાના મહત્વ અંગે જણાવ્યું...

નાણાકીય વર્ષ 2024માં કુલ 15.1 બિલિયન ડોલરના **સીધુ વિદેશી રોકાણ**ના પ્રવાહ સાથે મહારાષ્ટ્ર આ યાદીમાં ટોચ પર છે.. ત્યારબાદ ગુજરાત બીજા ક્રમે છે. કર્ણાટક, દિલ્હી અને તેલંગાણા ત્રીજા,ચોથા અને પાંચમા સ્થાને છે.

# AMIT SHAH- GUJ. VISIT

આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે આવતીકાલે ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

સવારે સાડા દસ વાગ્યે ગાંધીનગરથી રાષ્ટ્રીય કક્ષાનો સહકારથી સમૃધ્ધિ કાર્યક્રમનો આરંભ થશે. ત્યારબાદ શ્રી અમિત શાહ બપોરે બે વાગ્યે બનાસકાંઠાના ચાંગડા ગામે સહકારી પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત અને મહિલા દૂધ ઉત્પાદકોને શૂન્ય ટકા વ્યાજના રૂપેય ક્રેડિટ કાર્ડનું વિતરણ કરશે. સાંજે પાંચ વાગ્યે ગોધરાના મહુલિયા ગામે સહકારી પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત લેશે. જ્યારે સાંજે પોણા છએ ગોધરાના પંચામૃત ડેરી ખાતે રાજ્યની તમામ જીલ્લા સહકારી બેન્કો અને ડેરીના ચેરમેનશ્રીઓ સાથે બેઠક યોજશે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ અને સહકાર મંત્રાલયનો સ્થાપના દિવસ એક જ દિવસે ઉજવવામાં આવશે. જેના ભાગરૂપે કેન્દ્ર સરકારે પ્રથમવાર સહકારિતા દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ગુજરાતમાં કરવાનો નિર્ણય લીધો છે.

આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી રાષ્ટ્રીય કક્ષાના સહકારના પ્રતિનિધીઓ, દૂધ મંડળીઓ સંઘો, સહકારી બેન્કો, એપીએમસી સહિત વિવિધ સહકારી ક્ષેત્રો સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો સહભાગી થશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાતમી જુલાઇએ અમદાવાદના જમાલપુર ખાતે જગન્નાથ મંદિરમાં સવારે ચાર વાગ્યાની મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ નારણપુરામાં આધુનિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્લીમ્સનું ઉદઘાટન કરશે. ત્યારબાદ આંબાવાડી ખાતે અમીન પીજેકેપી વિદ્યાર્થી ભવનનું ઉદઘાટન કરશે.

# AHMEDABAD- RATH YATRA

સાતમી જુલાઇએ અમદાવાદના જમાલપુર ખાતે ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા યોજાશે. ભગવાન જગન્નાથની યાત્રા પૂર્વે આજે તેમનો નેત્રોત્સવ ઉજવાયો હતો. જળયાત્રા બાદ ભગવાન જગન્નાથ,બહેન સુભદ્રા અને ભાઇ બલરામ સાથે મોસાળ એટલે કે સરસપુર સ્થિત રણછોડરાયના મંદિરે ગયા હતા.. આજે ભગવાન સરસપુર મામાના ઘરેથી નિજ મંદિરે પરત ફર્યા છે.

મામાના ઘરે વધારે કેરી અને જાંબુ ખાવાથી ભગવાનને આંખો આવી હોવાનો ભાવ વ્યક્ત કરીને ભગવાનના આંખે પાટા બાંધવાની નેત્રોત્સવ વિધિ કરવામાં આવી છે. નેત્રોત્સવ વિધિ કર્યા બાદ ધ્વજારોહણ વિધી કરવામાં આવી. ત્યારબાદ દેશના વિવિધ રાજ્યો અને શહેરોમાંથી આવેલા સાધુ સંતોનો ધોળી દાળ અને કાળી રોટી એટલે કે દૂધપાક અને માલપુઆનો ભંડારો યોજાયો.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઇને વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ થયું છે. ભાણેજોને આવકારવા માટે મામાના ઘર સરસપુરમાં વિવિધ પોળમાં આતુરતાપૂર્વક રાહ જોવાઇ રહી છે. વિવિધ ભાવિક ભક્તોને ભોજન આપવા દર વર્ષની જેમ રસોડા ધમધમતા થયા છે.

આ સાથે રાજ્યના અલગ અલગ જીલ્લાઓમાં પણ ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાશે.

અમદાવાદમાં રથયાત્રાને લઈને શહેરમાં ટ્રાફિક પોલીસની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે મુસાફરો માટે પોલીસની બે વાનનો ઉપયોગ કરી શકાશે.. ટ્રેનની ફ્રી ટીકીટ બતાવી પોલીસ વાનનો ઉપયોગ કરી શકાશે.. રથયાત્રા રૂટમાં સવારે 5 થી 11 વાગ્યે અને સાંજે 6 થી 8 વાગ્યા સુધી આસ્ટોડિયા સર્કલથી રાયખડ સુધીનો રોડ બંધ રહેશે.. ટ્રાફિક વિભાગ દ્વારા મુખ્ય 6 માર્ગ બંધ કરીને વૈકલ્પિક રૂટ નકકી કરવામાં આવ્યા છે..

આ ઉપરાંત, કાયદો અને વ્યવસ્થા જાળવવા રાજ્યના પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# GUJ. PM KISAN SANMAN NIDHI

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના હેઠળ ભારત સરકાર દ્વારા બેંક ખાતાનું આધાર સીડીંગ– ડીબીટી એનેબલ એટલે કે સક્ષમ કરાવવું ફરજીયાત રહેશે.

ગુજરાતના જે ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ૧૮માં હપ્તાનો લાભ મેળવવાનો બાકી હોય તેવા લાભાર્થીઓએ આગામી ૩૦મી જુલાઈ સુધીમાં બેંક ખાતાનું આધાર સીડીંગ- ડીબીટી એનેબલ નહીં હોય તેમને તેમનો ૧૮મો હપ્તો જમા થશે નહીં, તેમ ખેતી નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

# RAIN AAGAHI

હવામાન વિભાગે આવતીકાલે દક્ષિણ ગુજરાત, દમણ અને દાદરાનગર હવેલીના છૂટાછવાયા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. વરસાદની ચેતવણીને ભાગરૂપે ખાસ યલો એલર્ટ આપ્યું છે. આ ઉપરાંત રાજ્યના વિવિધ જીલ્લાઓમાં છૂટાછવાયા વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- રામાશ્રય યાદવ)**

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આજે રાજ્યમાં બનાસકાંઠા, મહિસાગર, પંચમહાલ, વલસાડ અને નર્મદામાં ભારે વરસાદ થયાના અહેવાલ છે.

# GUJ. RAIN

રાજ્યમાં વિવિધ 110 તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ 109 મિલિમિટર વરસાદ સુરતના ઉમરપાડામાં નોંધાયો છે.. જ્યારે નવસારીના વાંસદા99 મિલિમિટર અને ખેરગામ માં 88 મિલિમિટર વરસાદ નોંધાયો છે . તાપીના ડોલવણમાં પણ 86 મિલિમિટર વરસાદ નોંધાયો છે .

લગભગ 11 તાલુકાઓમાં 50 થી 80 મિલિલિટર વરસાદ નોંધાયો છે.. 14 તાલુકાઓમાં 30થી 50 મિલિમિટર વરસાદ થયો છે... 25 તાલુકાઓમાં 10થી 30 મિલિમિટર વરસાદ પડ્યાના અહેવાલો છે. 21 તાલુકાઓમાં 5થી 10 મિલિમિટર જ્યારે 7 તાલુકાઓમાં 6 મીમી,4 તાલુકાઓમાં 5 મીમી,9 તાલુકાઓમાં 2 મીમી અને 12 તાલુકાઓમાં 1 મીમી વરસાદના અહેવાલ છે..

તાપી જીલ્લાના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે, વ્યારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદને લીધે નદી નાળામાં પાણીની આવક થતાં લો લેવલ પાણીમાં ગરકાવ થયું છે જેને લીધે કણજા બેદકુંવા રોડ બંધ કરી વૈકલ્પિક માર્ગ શરૂ કરાયો છે.

અમારા બોટાદ જીલ્લાનાં પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી જણાવે છે કે, બે દિવસના વિરામ બાદ ફરીથી સમગ્ર વિસ્તારમાં વરસાદ શરૂ થયો છે.

અમારા વલસાડ જીલ્લાનાં પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, જિલ્લા ફ્લડ કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ, વલસાડ જિલ્લામાં સૌથી વધુ કપરાડા તાલુકામાં 80 મિલિમિટર વરસાદ નોંધાયો હતો.

ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે કે,ઝઘડિયા, અંકલેશ્વર, નેત્રંગ, હાંસોટ સહિત છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.

ભાવનગરના ગોહિલવાડ, વલભીપુર, તળાજા અને પાલીતાણામાં પણ હળવોથી મધ્યમ વરસાદ થયો હોવાના અહેવાલ છે.

અમારા છોટા ઉદેપુરના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, નસવાડી તાલુકામાં ધોધમાર વરસાદને પગલે અશ્વિન નદીમાં નવા નીર આવ્યા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પણ આજે ભારે વરસાદની આગાહી વચ્ચે દમણનો દરિયો ગાંડોતૂર બન્યો હતો. દેવકા નમો પથ ઉપર દરિયામાં 15થી 20 ફૂટ ઊંચા મોજા ઉછળ્યા હતા. સલામતીના ભાગરૂપે પ્રશાસન દ્વારા પર્યટકોને દરિયા કિનારાની નજીક જવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

# TAPI- SAMPURNTA ABHIYAN

મહત્તમ આદિવાસી વસ્તી ધરાવતા તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકામાં સંપૂર્ણતા અભિયાનનો આજે પ્રારંભ કરવામાં આવ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે, નિતી આયોગ દ્વારા દેશભરમાં 112 મહત્વકાંક્ષી જીલ્લાઓ અને 500 જેટલા મહત્વાકાંક્ષી તાલુકાઓ જાહેર કરાયા છે જેમાં ગુજરાતના 10 જીલ્લા અને 13 તાલુકાઓનો સમાવેશ થાય છે. દેશના દરેક નાગરિકોનો આર્થિક વિકાસ થાય તે ઉદ્દેશ્યથી આરોગ્ય, ખેતીવાડી, આઇસીડીએસ, ડીઆરડીએ જેવા વિવિધ વિભાગના સહયોગથી કાર્યક્રમ યોજાયો હતો..

આ અંગે તાપી જિલ્લા કલેકટર વિપિન ગર્ગે વધુમાં આ મુજબ જણાવ્યું..

**(બાઇટ- વિપિન ગર્ગ- જીલ્લા કલેક્ટર-તાપી)**

# NEWS IN BRIF

**અને હવે સાંભળીએ કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં..**

- ગીર સોમનાથ જિલ્લામાં વાવણીલાયક વરસાદ બાદ ખરીફ પાકોનું ૬૫ હજાર ૪૧૯ હેક્ટરમાં નોંધપાત્ર વાવેતર કરાયું..
- વેરાવળ શહેરમાં જાહેર રોડ પર ટ્રાફિક જામ થાય તે રીતે પાર્ક કરેલ વાહનોને લોક કરી સ્થળ ઉપર જ દંડ વસુલ કરવાની કામગીરી પોલીસે હાથ ધરી..
- ભાવનગરના આંબલા ગામમાં દાહોદના શ્રમજીવી પરિવારના બે સગા ભાઈઓના મશીનમાં આવી જવાથી મોત નિપજ્યાં.
- ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત લુણાવાડામાં વીસીઈનો વર્કશોપ યોજાયો.
- પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આજે જિલ્લા કક્ષાનો શિક્ષક તાલીમ શિબિર યોજાઇ..
- કચ્છના દયાપર ખાતે સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કરાવ્યા બાદ આજે નીતિ આયોગના નાયબ નિયામક અંશિકા ગુપ્તા રાપરની મુલાકાતે પહોંચ્યા.

# VADODRA- NABARD

વડોદરામાં નાબાર્ડ દ્વારા ખેડૂતો થકી ઉત્પાદિત કૃષિ પેદાશોના ત્રિ-દિવસીય વેચાણ સહ પ્રદર્શનનું આજે સમાપન થયું...

આ પ્રદર્શનનો ઉદ્દેશ્ય સમગ્ર ગુજરાતના ખેડૂત ઉત્પાદક સંગઠનો તરફથી પ્રાકૃતિક કૃષિ પેદાશો, ઓર્ગેનિક ખાદ્ય અનાજ,મસાલા,શાકભાજી અને ફળોના વેચાણ સહ પ્રદર્શનનો હતો.. નાબાર્ડના ચીફ જનરલ મેનેજર બી. કે. સિંઘલે જણાવ્યું કે,નાબાર્ડ દ્વારા સમગ્ર દેશમાં સાત હજાર એફ. પી. ઓ.,જ્યારે ગુજરાતમાં ૩૦૦થી વધુ એફ. પી. ઓ.ની રચના કરવામાં આવી છે. એફ. પી. ઓ. ના માધ્યમથી નાના ખેડૂતો પોતાની કૃષિ પેદાશોને કોઈપણ પ્રકારના

વચેટિયા વગર સીધા જ ગ્રાહકોને વેચી શકે છે. જેથી તેઓ આર્થિક રીતે સદ્ધર બને છે. તેમણે ઉમેર્યું હતું કે,આ વેચાણ સહ પ્રદર્શનમાં ૨૦ એફ. પી. ઓ. તથા ૨૦ એસ. એફ. એ. સી. સહિત ૪૦ સંગઠનોના અંદાજે ૧૮ હજારથી વધારે ખેડૂતો જોડાયા.

# RAJKOT- FOOD SAFETY

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ રાજકોટની ખાનગી ડેરીમાંથી શંકાસ્પદ પનીર, દૂધ, ક્રીમ અને વનસ્પતિ તેલનો આશરે રૂપિયા ૯ લાખનો જથ્થો પકડી પાડ્યો..

ખોરાક અને ઔષધ નિયમન તંત્રને રાજકોટની રજવાડી ડેરી પ્રોડક્ટ ખાતે શંકાસ્પદ પનીરનું ઉત્પાદનની મળેલ બાતમીના આધારે રાજકોટ જીલ્લાની ટીમ સાથે રાખી ખાનગી ડેરી પર દરોડો પાડવામાં આવ્યો હતો. સ્થળ પર તપાસમાં પનીર, ક્રીમ, દૂધમાં વનસ્પતિ તેલના ભેળસેળની પ્રબળ શંકા જતા તમામ નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આવેલ છે. હાલ ડેરીનું લાઈસન્સ સ્થગિત કરી બંધ કરવામાં આવ્યું. ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં લેભાગુ તત્વો સામે કાયદાકિય કાર્યવાહી કરવામાં આવશે

# GUJ. YOGASAN TALIM SHIBIR

**રાજ્ય સરકારના રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા રાજ્યના દરેક જિલ્લામાં "જિલ્લા કક્ષા યોગસન તાલીમ શિબિર" યોજાશે..** દરેક જિલ્લામાંથી કુલ ૩૦ યુવક- યુવતીઓની પસંદગી કરી, ૭ દિવસ માટે નિવાસી શિબિરનું આયોજન કરાશે.. હોય, આગામી 11 જુલાઇ સુધીમાં, જે તે જિલ્લાની

જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ખાતે ફોર્મ જમાં કરવાનું રહેશે.
11 જુલાઇ પછી આવનાર ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.